# શહેરમાં ઠંડીનો ચમકારો : પારો ૧૩.૮ ડિગ્રી

## છેલ્લા ચાર-પાંચ દિવસથી ક્રમશઃ ઘટતો પારો : વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાયા : જનજીવન પર અસર

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં ઠંડી ધીમે ધીમે જમાવટ કરી રહી છે. લઘુત્તમ તાપમાન ૧૩.૮ ડિ.સે. સુધી પહોંચતા વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ફરવુ પડી રહ્યું છે.

અપેક્ષા મુજબ જ ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડી વધી રહી છે. ગાંધીનગરમાં ઠંડીની જમાવટ થતા જનજીવ પર તેની અસર જોવા મળી રહી છે. ગઈકાલે વહેલી સવારે અને રાત્રે ઠંડીનુ જોર વધતા વસાહતીઓ વહેલા ઘરમાં પુરાઈ ગયા હતા. લગ્નોની સીઝનમાં ઠંડીએ તેની અસર દેખાડી હતી. મોડી સાંજના ભોજન સમારંભોમાં આમંત્રિતોએ વહેલા જઈ ઝડપથી ડીનર પતાવી ઘર ભેગા થવાનુ ઉચિત માન્યુ હતુ. સવારે પણ તડકો મોડો નીકળતો હોવાથી ઠંડીની અસર છેક નવ-દસ વાગ્યા સુધી રહે છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકો ઠંડીમાં હેરાન પરેશાન થઈ રહ્યા છે. તેઓને ગરમ વસ્ત્રોમાં લપેટાઈને ઘરની બહાર નીકળવુ પડી રહ્યુ છે. સવારે ઠંડો પવન પણ ખુબજ રહેતો હોવાથી ઘરના બારી બારણાં બંધ રાખવા પડે છે. મોડી સાંજે પણ પવન રહેતો હોવાથી વસાહતીઓ ખૂબ જલ્દી ઘરમાં પુરાઈ જાય છે. જેના કારણે શહેરના આંતરીક સ્થળો અને માર્ગો નવ-દસ વાગતા તો એકદમ સુના થઈ જાય છે.

ગરમ વસ્ત્રોની ખરીદીમાં એકાએક જ તેજી આવી ગઈ છે. બ્લેઝર, સ્વેટર, ટોપી, જેકેટ અને અન્ય નાની મોટી ચીજવસ્તુઓની ખરીદીમાં ઘરાકી દેખાઈ રહી છે. જો કે આજે મહત્તમ તાપમાન થોડુક વધ્યુ હતુ અને પારો ૩૦.૬ ડિ.સે. રહ્યો હતો જ્યારે લઘુત્તમ તાપમાન બે ડિગ્રી જેટલુ ઘટીને ૧૩.૮ ડિ.સે. રહ્યુ હતુ.



# જિલ્લાના ૯૫ ગામના ગૌચર પર દબાણો થયા છે : પંચાયતમંત્રી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના ૯૫ ગામોની ગૌચર જમીન પર ગેરકાયદે દબાણો હોવાની વાતનો આજે રાજ્ય પંચાયત મંત્રીએ વિધાનસભા ગૃહમાં એકરાર કર્યો છે.

કોંગી ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા તેમજ સુરેશ પટેલના લેખિત પ્રશ્નોના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે દહેગામના ૯ ગામમાં, ગાંધીનગર તાલુકાના ૪૭ ગામમાં, કલોલના ૧૨ ગામમાં અને માણસા તાલુકાના ૨૭ ગામમાં ગૌચરની જમીન પર દબાણો છે.

આ દબાણો કાચા અને પાકા રહેણાંક પ્રકારના છે. મંત્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે તા. ૨૪-૯-૧૯ના પરિપત્રથી તાલુકા વિકાસ અધિકારીઓ મારફતે તલાટીકમ મંત્રીની મીટીંગમાં ગૌચરની જમીન પર થયેલ દબાણની ચોકસાઈ કરી પંચાયતોને મળેલ અધિકારની રૂએ તે દૂર કરવા સૂચના આપેલ છે. તેમજ જો ગ્રામ પંચાયત દ્વારા દબાણ દૂર નહિ થાય તો પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૫૭(૧) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ દબાણો દૂર કરવાની સમયમર્યાદા ચોક્કસ ઉત્તર ટાળતાં જણાવ્યુ છે કે જિલ્લા કચેરીના ૨૪-૯-૧૯ના પરિપત્રથી પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૭)(૮) અન્વયે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની સાથે સાથે

### સે. ૭માં પણ બિનકાયદેસર ઝુંપડપટ્ટીના દબાણની ફરિયાદથી સરકાર વાકેફ છે : નીતિન પટેલ

શહેરમાં સરકારની ખુલ્લી જગ્યા તેમજ સરકારી મકાનોમાં ઝુંપડા ઉભા કરી જમીન પર કરાતા દબાણનો મુદ્દો પણ ચમક્યો હતો.

પાટનગર યોજના પ્રભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે સરકાર આ ફરિયાદોથી વાકેફ છે.

કોંગીના સોમાભાઈ પટેલના લેખિત પ્રશ્નના ઉત્તરમાં નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે સે-૭માં

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩ માં પાણીની સમસ્યાને ડામવા માટે ટુંકમાં નવો બોર બનાવાશે

## નવો બોર બનાવવા ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ : બોર નિર્માણના અંતે પાણીનો પ્રશ્ન પણ હલ થઇ જશે

ગાંધીનગર તા ૧૦

સે-૩ માં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા ગંભીર બનતી જાય છે. સેકટરમાં પાણીનો બોર છેલ્લા ઘણાં સમયથી બંધ હાલતમાં છે. જેના લીધે સેકટરમાં વારંવાર પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામે છે. સેકટરમાં પાણીની સમસ્યા નિવારવા અનેકવાર સ્થાનિક રહીશો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત પણ કરવામાં આવી છે. બીજીતરફ સેકટરનો બોર બંધ થઇ ગયો હોવાથી પાણી ફોર્સથી ન આવતુ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ સમસ્યાને ડામવા માટે તંત્રએ નવો બોર બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી છે. ટુંકમાં નવો બોર બનાવાનુ કામ પણ હાથ ધરવામાં આવશે.

શહેરના નવા સેકટરોમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા વકરી છે. શહેરના નવા સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાથી સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. શહેરના સે-૩ , સે-૩ ન્યુ, સે-૪ એ સહીતના વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી પાણીની સમસ્યા જટીલ બની છે. શિયાળાની ઠંડીના દિવસોમાં પણ પુરતા ફોર્સથી પાણી આવતુ નથી. શિયાળા દરમિયાન શહેરમાં પાણીનો વપરાશ ઘટે છે. આમછતા સેકટરોમાં પાણીનો પ્રશ્ન ઉઠવા પામ્યો છે. સે-૩ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ વારંવાર ઉઠતા સ્થાનિક રહીશો પણ તોબા પોકારી ગયા છે. અનેક ફરિયાદોના અંતે સેકટરનો બોર બંધ થઈ જતા સપ્લાય પણ ઘટી ગયો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે સેકટરમાં પાણીની સમસ્યા નિવારવા માટે તંત્ર દ્વારા નવો બોર બનાવવા માટે કાર્પોરેશનને દરખાસ્ત કરવામાં આવી હતી. જેના અંતે નવા બોર બનાવાની કાર્યયોજના સંદર્ભે કોર્પોરેશન દ્વારા જરૂરી ખર્ચને મંજુરી આપી દેવામાં આવી છે. જેના અંતે નવો બોર બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જયારે ટુંકમાં જ નવો બોર બનાવવા માટે કામ પણ શરૂ કરી દેવાશે. સેકટરમાં નવો બોર કાર્યરત થયા બાદ સેકટરના અમુક પોકેટમાં જટીલ બનેલી પાણીની સમસ્યાનો અંત આવશે.

# બે વર્ષમાં જિલ્લામાં પડતર અને ખરાબાની જમીન ફાળવી સરકારને ૧૫ કરોડથી વધુની આવક

## ગાંધીનગર મનપા અને પેથાપુર નગરપાલિકાની લેન્ડફિલ્ડ માટે જમીન નીમ કરાઈ તો જી.ટી.યુ. અને એન.ડી.આર.એફ.ને પણ જગ્યાની ફાળવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન એક લાખ ચો.મી. જેટલી જમીન જે સરકારી ખરાબાની અને પડતરની જે હતી તે જાહેર હરાજી યોજ્યા વિના ફાળવી આપવામાં આવી છે.

આ જમીન પેટે સરકારને ૧૫ કરોડ ૬૪ લાખથી વધુની આવક થઈ છે તેમ રાજયના મહેસુલ મંત્રી કૌશિક પટેલે કોંગીના ધારાસભ્ય સુરેશ પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે. તેમણે જણાવ્યુ છે કે ૨૦૧૬-૧૭માં આવી જમીન ફાળવવાથી રૂ. ૭ કરોડ ૮૧ લાખથી વધુની અને ૨૦૧૭-૧૮માં રૂ. ૭ કરોડ ૮૨ લાખથી વધુની આવક થઈ છે.

તેમણે જણાવ્યુ છે કે સરકારે ગુજરાત ટેકનીકલ યુનિ.ને બિલ્ડીંગના હેતુ માટે ૯૮,૮૪૧ ચો.મી. જમીન નીમ કરેલ છે. આ ઉપરાંત કલોલમાં સામુહિક આરોગ્ય કેન્દ્રના નવીનીકરણ માટે અગ્ર સચિવશ્રી આરોગ્ય પારિવાર કલ્યાણ વિભાગને વહીવટી હુકમ-૩ થી વર્ગફેર કરેલ છે.

આ ઉપરાંત ૬ લાખ ૮૪ હજાર હેક્ટર જમીન વનીકરણના હેતુ માટે વર્ગફેર કરી આપવામાં આવી છે. પેથાપુર નગરપાલિકાની લેન્ડફિલ્ડ સાઈટ માટે ૨૦,૨૩૫ ચો.મી. તથા ગાંધીનગર મહાનગરપાલિકા માટે બે લાખ ચો.મી. જમીન નીમ કરવામાં આવેલ છે. એન.ડી.આર.એફ. ગાંધીનગરને વડુ મથક બનાવવા માટે ૨૦ હજાર ચો.મી. જગ્યા ૭ કરોડ ૮૧ લાખની વસુલી લઈ ફાળવવામાં આવી છે. જયારે માણસામાં 'મા અન્નપૂર્ણા યોજના' માટે અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓના સંગ્રહ માટે નીમ કરવામાં આવેલ છે.



પ્રાથમિક શાળાના ઓરડાના બાંધકામ માટે મહેસુલી માફીથી ૫૦૨ ચો.મી. જગ્યા પણ આપવામાં આવી છે તેમ તેમણે જણાવ્યુ છે. દહેગામમાં ૪ હજાર ચો.મી. સરકારી પડતરની જગ્યા ઉ.મા. શાળા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને હસ્તક વર્ગફેર કરી આપવામાં આવી છે.

# શહેરમાં પાણીના સપ્લાય માટે ૪૭૮ કિમીની પાઈપલાઈન : ૪૨૦૫૪ જોડાણ

## સે-૩ ન્યુ અને સે-૪ માં પાણીની સમસ્યા સંદર્ભે તંત્ર સ્થળ પર તપાસ કરશે છેલ્લા ઘણાં સમયથી ટાંકી પણ ભરાતી ન હોવાની સ્થાનિકોની રજુઆત

ગાંધીનગર તા ૧૦

શહેરના નવા સેકટરોમાં પાણીની પોકાર વારંવાર ઉઠતી રહે છે. સે-૩ ન્યુ તેમજ સે -૪ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામ્યો છે. સેકટરોમાં મકાનોની ટાંકી ભરાતી ન હોવાની ફરિયાદો પણ નાગરિકો કરી રહ્યા છે.ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાં સ્થળ તપાસ હાથ ધરવાનો પણ નિર્ણય લીધો છે. શહેરમાં હાલ ૪૨૦૫૪ જેટલા પાણીના જોડાણ છે. જયારે સરેરાશ ૬૬ એમ એલ ડી જેટલો પાણીનો સપ્લાય આપવામાં આવે છે. શહેરમાં પાણીના સપ્લાય માટે ૪૭૮ કી મી પાઈપલાઈનનુ નેટવર્ક છે. સમગ્ર દેશમાં ગાંધીનગરમાં પાણીનો માથાદીઠ વપરાશ સૌથી વધુ હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. આમછતા શહેરના કેટલાક પોકેટમાં પાણીનો પ્રશ્ન હજુ જટીલ છે.

શહેરમાં પર્યાપ્ત પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવતો હોવાછતા સેકટરોમાં પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં દાયકાઓ જુની પાણીની લાઈનો પણ હજુ યથાવત છે. એકબાજુ સેકટરોમાં મીટર પધ્ધતિથી પાણી સપ્લાય કરવા માટે કાર્યયોજના તૈયાર થઈ રહી છે. પરંતુ હાલ સેકટરોમાં પાણીની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. મીટર પધ્ધિતિથી પાણી સપ્લાય કરવાની યોજના અમલ થતા હજુ સમય લાગશે. પરંતુ હાલ સેકટરોમાં છાશવારે ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. શહેરમાં સરેરાશ ૬૬ એમ એલ ડી જેટલો પાણીનો સપ્લાય કરવામાં આવે છે. શહેરના વસતી ધોરણ મુજબ શહેરની અંદાજિત ૨.૯૨ લાખની વસતીને અનુલક્ષી સેકટરોમાં હાલ સપ્લાય થતા પાણી પુરવઠો પર્યાપ્ત હોવાનુ મનાઈ રહ્યુ છે. એટલુ જ નહીં પરંતુ સમગ્ર દેશમાં ગાંધીનગરમાં માથાદીઠ સૌથી વધુ વપરાશ થતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. ગાંધીનગરમાં પાણીના ૪૨૦૫૪ જેટલા જોડાણ છે. જયારે શિયાળામાં પાણીનો વપરાશ પાંચ થી સાત એમ એલ ડી ઘટતા સપ્લાય અંશત : ઘટાડી દેવામાં આવે છે. હાલ શહેરમાં નર્મદા તેમજ બોરમાંથી પાણી આપવામાં આવે છે. જયારે શહેરમાં પાણીની લાઈનો અપગ્રેડ ન હોવાની સાથે સેકટરોમાં જુના બોર પણ પાણીની સમસ્યા માટે જવાબદાર હોવાનુ મનાઈ રહ્યુ છે. બીજીતરફ પાણીના પ્રશ્ન માટે પાણીનો થતો બગાડ પણ ચિંતાનો વિષય છે. હાલ શહેરમાં પાણી સપ્લાય કરવા માટે સે-૧થી ૩૦માં

● અનુસંધાન પાન-૭ પર

**ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન**

**હંગામી/કરાર આધારિત બિનશૈક્ષણિક જગ્યાઓ પર નિયુક્તિ**

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : આઈઆઈટીઈ-૧૨૧૯-CHE-નં.બા.૭૮-ખર, તા. ૧૯/૮/૨૦૧૯ના અનુસંધાને આઈઆઈટીઈ ખાતે વહીવટી સંવર્ગની નીચે દર્શાવ્યા મુજબ ૦૭ જગ્યાઓ જેવી કે, પી.એ. ટુ વી.સી., પી.એ. ટુ રજીસ્ટ્રાર, જુનીયર કલાર્ક, લેબ આસીસ્ટન્ટ, સિસ્ટમ એનાલીસ્ટ, કોમ્પ્યુટર પ્રોગ્રામર હંગામી ધોરણે કરાર આધારિત ભરવાની થાય છે. તથા ધારણાધિકારના કારણે ખાલી પડેલ કચેરી અધિક્ષકની ૦૧ (એક) જગ્યા કરાર આધારિત ભરવાની થાય છે. ઉપરોક્ત તમામ જગ્યાઓની વિગત જેવી કે લાયકા, અનુભવ, પગારધોરણ વગેરે www.iite.ac.in પરથી મેળવવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા. ૧૯/૧૨/૨૦૧૯ છે.

**તા. ૯/૧૨/૨૦૧૯** **કુલસચિવ**
**ગાંધીનગર** **આઈ.આઈ.ટી.ઈ.**
માહિતી/૧૭૪૬/૧૯-૨૦

# બેટરી સંચાલિત બસો દોડતી કરવા માટે સબ સ્ટેશનનુ ટુંકમાં કામ શરૂ થશે

## સબ સ્ટેશન શરૂ કરવા માટે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરાઇ : પ્રથમ તબક્કામાં ૧૦ ઇલેક્ટ્રીક બસો દોડાવાનુ આયોજન

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર એસ ટી ડેપોને સ્માર્ટ ડેપો બનાવાની યોજના હજુ સુધી સાકાર થઈ નથી. ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવાને અનુલક્ષીને ઈલેક્ટ્રીક બસો શરૂ કરવા માટે પણ આયોજન કરાયુ છે. બેટરી સંચાલિત આ બસસેવાને અનુલક્ષી હાલ સબ સ્ટેશન યુનિટ ઉભુ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરાઈ છે. જેને આનુસંગિક ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે.

શહેરમાં ઈલેક્ટ્રીક બસ દોડતી કરવા માટે કાર્યયોજના લાંબા સમયથી વિચારણા હેઠળ છે. જયારે ડેપો સંકુલમાં અગાઉ યોજાયેલા કાર્યક્રમ દરમિયાન પણ વાહનવ્યવહાર મંત્રીએ ટુંકમાં જ બેટરી સંચાલિત બસો દોડતી કરવા માટે જાહેરાત કરી હતી. જયારે આ દરમિયાન પ્રથમ તબક્કામાં ૧૦ જેટલી ઈલેક્ટ્રીક બસો શરૂ કરવા માટે નિર્ણય લેવાયો હતો. જયારે આ મામલે હવે સબ સ્ટેશન કાર્યરત કરવા માટે પણ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેને અનુલક્ષી ટુંકમાં જ ચાર્જીંગ સ્ટેશન ઉભુ કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. ગાંધીનગર અમદાવાદ વચ્ચે હાલ શહેરી બસ સર્વિસમાં કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ સહીત આમ નાગરિકો પણ મોટી સંખ્યામાં અપડાઉન કરી રહ્યા છે. જયારે શહેરી બસ સેવા અંતર્ગત હાલ

● અનુસંધાન પાન-૭ પર

**MOTOR ACCIDENT CLAIMS TRIBUNAL, MUMBAI**
**NOTICE UNDER RULE 260(1) OF MAHARASHTRA MOTOR VEHICLE ACT-1989**
**APPLICATION NO. 1054 of 2019**

Shri Anil Manohar Khare ... Applicant
V/s
M/s. Kataria Transport Co.Guj.Pvt. Ltd. ... Opp.Party
And
Bajaj Allianz Gen. Insurance Co. Ltd. ... Insurance

To,
M/s. Kataria Transport Co.Guj. Pvt. Ltd.
47, Transport Nagar,
Aslali, Tal: Dascroi, Bareja,
Ahmedabad - 382425

Whereas as per the application annexed, the applicants have filed an application against you to get the compensation Under Section 166 & 140-A of Motor Vehicle Act - 1988 regarding the mentioned accident under section 165 clause (1) of Motor Vehicle Act - 1988. You are therefore required to remain present in Court No. 06 on 14/01/2020 at 11. A.M. for hearing of the claim application before Hon'ble Member of the Tribunal which you please take notice thereof.

You are hereby further informed that you may remain present on the aforesaid fix date with your evidence and file your say in the matter. If you fail to remain present or not produce any evidence then the above claim application shall be heard in your absence and order shall be passed accordingly, which please take note.

This Notice is issued today on 11/11/2019 with my signature and seal of the Judicial Court.

By Order
Court Seal
Registrar
M.A.C.T. Mumbai
9, H.S. Marg, Mumbai - 400001

સાયન્સસીટી-સોલામાં નવો શો-રૂમ ખુલેલ છે.

હોલસેલ ભાવે વગર મજુરીએ હોલમાર્ક દાગીના મળશે. (કાયમી ધોરણે)

જુના દાગીનાનું પુરૂ વળતર

(શેરથાવાળા)
N. C. Zaveri
GOLD, JADTAR, ANTIQUE, DIAMOND & SILVER.
૮૧૪૧૦૭૫૦૨૫, ૮૭૫૮૬૯૧૩૦૯
શો-રૂમ સમય : બપોરે ૧.૦૦ થી ૬.૦૦ (રવિવારે ચાલુ)
૫૫, સુપર બંગ્લોઝ, સાયન્સ સીટી ગેટ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, સોલા, અમદાવાદ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com